# જહ્દો જહેદ (કોશિશ અને પ્રયત્નો)

'અને જે શખ્સ (સત્કાર્યો)માં સખત પ્રયત્ન કરે છે તે તેના પોતાના જ ભલા માટે પ્રયત્ન કરે છે, અને તેમાં શંકા નથી કે અલ્લાહ તમામ દુનિયાવાળાઓથી તદ્દન બેપરવાહ છે.' (સૂરએ અન્કબુત, આયત નં.૬)

કુરઆને મજીદની આ આયત દરેક ઈન્સાનને તેના આમાલ વિશે જહ્દો જહેદ કરવાની પ્રેરણા આપે છે હઝરત રસૂલે અકરમ(સ.અ.વ.) ફરમાવે છે "આમાલ વિશે બહુજ જહ્દો જેહદ કરો, એટલે સુધી કે તમે કમજોર થઈ જાવ અને આમાલ બજાવી ન શકો તો શકય તેટલી બધી કોશિશો કરીને ગુનાહોથી દૂર રહો."

હઝરત રસૂલે અકરમ(સ.અ.વ.) ફરમાવે છે "તમારા માટે જરૂરી છે કે જહ્દો જહેદ કરતા રહો, સાવધ અને તૈયાર રહો, આખેરતની મંઝીલ માટે માર્ગનું ભાતુ તૈયાર કરો અને દુનિયા તમને દગો ન આપી શકે જે રીતે તેણે તમારી પહેલાની આગલી ઉમ્મતોને દગો આપ્યો છે."

(બેહારૂલ અન્વાર)

અત્યારે આપણે જોઈએ છે કે દરેક ઈન્સાનને પોતાની ઝિંદગીમાં જહ્દો જહેદ કરવી પડે છે, રોઝી કમાવવા માટે, ભણવા માટે, ઈલ્મ હાંસીલ કરવા માટે, બીમારીના ઈલાજ માટે. પણ આ જહ્દો જહેદ આપણે દુનિયા હાંસિલ કરવા

માટે કરીએ છે, દિવસ રાત મહેનત કરીએ છે પરંતુ કયારેય પણ એમ નથી વિચારતા કે દુનિયાની આ ભાગદોડમાં શું આપણે આખેરત માટે કોઈ જહો જહેદ કરીએ છીએ? જહો જહેદ કરનાર માટે અલ્લાહ તઆલા ફરમાવે છે.

"અને જેઓ અમારા (દીન) ધર્મ પ્રચારના સંબંધમાં પ્રયત્ન કરશે તેને અમે અમારા માર્ગો જરૂર દેખાડી દઈશું."

(સૂરએ અન્કબુત, આયત નં.૬૯)

અને જે લોકો જહો જહેદ નથી કરતા, આળસ કરીને, ગોલ ગપ્પા કરીને, બેઠા-બેઠા સમયને વેડફી નાખનાર નુકસાનમાં છે.

"જે માણસ સવાબ મળવાનું યકીન રાખે છે, પરંતુ તેમ છતાં અમલમાં આળસ કરે છે તો તે નુકસાનમાં છે." (મિઝાનુલ હિકમત, ભાગ-૨, પેજ નં.૧૨૩)

હદીસમાં છે કે સાત વસ્તુઓ વગર સાત વસ્તુઓ મજાક છે.

૧) જે જીભથી ઈસ્તગફાર કરે છે પરંતુ દીલથી ભોઠપ અનુભવતો નથી, તે પોતાની સાથે મજાક કરે છે.

૨) જે ખુદા પાસે તૌફીક માંગે છે પરંતુ પોતે પ્રયત્ન નથી કરતો તે પોતાની સાથે મજાક કરે છે.

૩) જે એહતિયાતની વાત તો કરે છે પરંતુ પોતે તેનાથી બચવાની કોશિશ કરતો નથી એ પણ પોતાની સાથે મજાક કરે છે.

૪) જે ખુદા પાસે બેહિશ્તનો સવાલ તો કરે છે પરંતુ મુશ્કેલીઓમાં સબ્ર કરતો નથી તે પણ પોતાની સાથે મજાક કરે છે.

૫) જે જહન્નમથી ખુદાની પનાહ તો માંગે છે પરંતુ દુનિયાવી ખ્વાહિશાતો અને લઝ્ઝતોને છોડતો નથી તે પણ પોતાની સાથે મજાક કરે છે.

૬) જે ખુદાનો ઝિક્ર તો કરે છે પરંતુ તેની મુલાકાત કરવા માટે મુશ્તાક નથી તે પણ પોતાની સાથે મજાક કરે છે. (બેહારૂલ અન્વાર)

૭) સાતમી બાબત કિતાબમાં નથી.

(મિઝાનુલ હિકમત, ભાગ-૨, પેજ નં.૧૨૨)

જહ્દો જહેદ થકી ઈન્સાન પોતાના હેતુને પૂર્ણ કરી શકે છે. મેઅરાજની હદીસમાં આખેરતના લોકોની સિફત બયાન કરતા ફરમાવ્યું છે તે લોકો પોતાના નફસને થકવી નાખે છે અને આરામ લેવા દેતા નથી. બેશક બેહીશ્તના લોકોની રાહત મૌતમાં છે અને આખેરત ઈબાદત કરનારાઓ માટે કાયમી આરામ કરવાની જગ્યા છે.

* જહ્દો જહેદ કરનાર ક્યારેય પણ મુશ્કેલ કામોથી ડરતા નથી.

જ્યારે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની સમક્ષ બે કાર્યો આવતા ત્યારે તેમાંથી મુશ્કેલ કાર્યને અપનાવી લેતા હતા.

– હઝરત અલી (અ.સ.) (ગોરરૂલ હકમ)

*** અલ્લાહની ઈતાઅત કરવા માટે જદ્દો જહેદ (કોશિશ અને પ્રયત્નો) કરો :**

ખુદાની ઈતાઅત માત્ર એ માણસ જ મેળવી શકે છે જે સંપૂર્ણ રીતે જદ્દો જહેદ કરતો રહે.

ખુદાની ઈતાઅત માટે આપણે તરત જ એમ કહીશું કે અમે નમાઝ પડીએ છે, રોઝા રાખીએ છે, વાજિબાતને અંજામ દેવું જદ્દો જહેદ નથી બલ્કે એ તો ફરજ છે, વાજીબ છે અને કરીએ છે. પણ જો સખ્ત ઠંડીમાં નરમ બિસ્તર અને ગરમ રજાઈને છોડીને અલ્લાહની ખુશનુદી માટે શબ નમાઝ પડવા ઉઠવું જદ્દો જહેદ છે, આપણા આખા દિવસના વ્યસ્ત કામોમાં અઝાનની આવાઝ સાંભળતા જ બધા કામોને પડતા મૂકી ખુદાની બારગાહમાં હાજર થવું જદ્દો જહેદ છે. ગુનાહોને છોડી દેવા જદ્દો જહેદ છે, હરામ કામને છોડી દેવું જદ્દો જહેદ છે, શક્તિ હોવા છતાં બદલો ન લેવો ખુદાની ખુશ્નુદી માટે જદ્દો જહેદ છે.

અલ્લાહ પાસે દુઆ કરીએ કે આપણને દીનની રાહમાં કોશિશ અને પ્રયત્ન કરવાની તૌફીક આપે અને ઈમામ(અ.સ.)ના ઝહુરમાં જલ્દી કરે જેથી આપણને તેમની ખિદમતનો મૌકો મળે. (ઈ.આમીન)

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com